અદ્ભુત ...

સ્વામીના ...

Reg. No. 292



પ્રગટ કર્તા:—

અક્કલનું પડીકું

અથવા

ખુબીનો ખજાનો.

ભાગ ૨ જો.

રાજા ભરથરી અને રાણી પીંગલાના સંવાદ સાથે.

બલીરાજા—

વશ કીધો તેં વીર મારો, જે ગુણીયલ ને બહુ સારો,
—નથી વાંક જરા કાંઇ મારો, નણદલ તમ વીર ઠગારો;
રંગ મહેલમાં હતી એકલી, આવી અડપલું કરી ગયા.
ચુંબન કરી ભરી અંક મીલાવી, મોહન મનડું હરી ગયા—નથી.
વસંત જોબન પુલવાડીમાં, ભુલો પડી ગયો ભમરો,
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહયો ડમરો—વશ.
શરમાળે મને શાન કરીને, કંચુકીની કશ છોડી,
હૃદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
—વદન ચન્દ્ર છબી રતી લજાવે, ભ્રકુટી કામણગારી,
બંધુ મારો સરળ હૃદયનો, કળા અજબ છે તારી—વશ.

વીર કુણાલ— રાગ, ગઝલ.

અમારા દેશને છોડી, અમે થાનાર પરદેશી;
હૃદયને મેળવી લેશે, અમારો પ્યાર પરદેશી.
થયા દુર્ભાગીયાં એવા, તજાવી દેશની સેવા;
ભટકશું પારકા ઘરમાં, બની લાચાર પરદેશી.
અમારી ધર્મ નીતિથી, અમારી સત્ય રીતિથી;
અમે સત્કર્મથી થઈશું, હૃદયના હાર પરદેશી.
અમારા દેશ બંધુઓ, અમારી જન્મ ભુમીમાં;
હવે છેલ્લા પ્રણામો છે, અમે હદપાર પરદેશી!

વિરવિજય— રાગ, ગઝલ—

તમોને જો તમારાથી, તમારો દેશ પ્યારો છે;
ન તજશો ધર્મ નિતી તો, વિજય અંતે થનારો છે!
હશે જો સંપ ને સમતા, વળી કર્તવ્યને હિમ્મત,
તમારા ભાગ્યનો આખર, ચમકવાનો સિતારો છે!
જશે એ રાત અંધારી, ચમકતા શૌર્યનો ભાનુ;
ઝુકો યાહોમ કરી રણમાં, વિજય ડંકો તમારો છે!

ઓડાણો— કબીર—ભજન.

તારી ધીરે ગાડી હાંકોરે, મેરામણ ગાડીવાળા
તારી મજરે ગાડી હાંકોરે, મેરામણ ગાડીવાળા;
ઘોડા છુટયા થાનશે; પીછે પડી પોકાર;
દશ દરવાજા બંદ હુવા; તોભી નીકળ ગયા અસ્વાર—તારી.
ગંગા કીનારે ઘર કરી; અને નહાવો નિરમળ નિરઃ
આપ્યા વિનાશું પામીએ; તે કહી ગયા દાસ કબીર—તારી.

અરૂણોદય— "આબાદીનો ઉપાય."

ચહો જો ભારતના સંતાન, જગતમાં ભારત આબાદી.
—તમે અંગે ધરો ખાદી.

દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશાવાદી.
વિદેશીનાં તમે મોહ તજ્યાં નહીં, કરી દેશની બરબાદી.
કલંક કાળા દુર કરો એ, પાવન કર પહેરો ખાદી.
"આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો"
"અસ્તાચળે તમ ભાગ્યનો ભાનુ અરે આજે ગયો"
"પ્રાચીનકળા મંદીર તમારૂં, તેજહીણુ દેખાય છે"
"કારણુ તમારી સંપતિ, પરદેશમાં વહી જાય છે"
લોકમાન્યના વીર વ્રતની, કંઈ ધરો ઊરમાં યાદી
—તમે અંગે ધરો ખાદી.

વિક્રમચારિત્ર— રાગ, ભજન.

નેણુમાં નિંદરા ન આવે જરી; મારો રામ ગયા વનવાસરે;
નયનમાં નિંદરા ન આવે જરી (૨) મારો રામ ગયા વનવાસરે—**નયન**
હંસ વિના મારા સરોવર સુનાંરે હંસ વિના મારા (હરીહરી)
સરોવર સુનારે;
બાઘ વીનાની વનવાટરે; નયનમાં નિંદરા ન આવે જરી
(૨)—મારો—નેણુમાં
પંખી વિનાં મારાં પીંજર સુનારે; પંખી વીનાં મારાં
(હરીહરી)—પીંજર સુનારે
મંદીરીયા સુના વીના રામરે; નયનમાં નીંદરા આવે જરી (૨)
નેણુમાં નીંદરા ન આવે જરી; મારો રામ ગયા વનવાસરે (૨)—ને—

નંદ-બત્રીસી, સત્ય શેત્રંજ ! પરીક્ષા

ગંગાજળ નિરમળ સમુ, શુદ્ધ પવિત્રજ સાર;
તેવું કુળજો માહરૂં (તો) પડ પાસા પોબાર;
હંસ ગયો સરોવર તીરે દીઠું અમૃત સાર;
પીધા વીણુ પાછો ફર્યો, (તો) પડ પાસા પોબાર,
સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર,
તે ગુણ હોય મુજ મહીં, (તો) પડ પાસા પોબાર,
નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર,
કામી પાસ રહે કામની (તો) પડ પાસા પોબાર,
મીઠો આંબો સર્વદા, ઉત્તમ ફળ દેનાર,
સત્ય અસત્ય ઠરે નહિ, (તો) પડ પાસા પોબાર,
વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર.
દીઠું પણુ અડક્યો નહી તો પડ પાસા પોબાર
અહલ્યા સીતા દ્રૌપદી સતી ખરી નીરધાર.
તેવું ચિત્ત જો માહરૂં (તો) પડ પાસા પોબાર,
ભુખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર;
ખાધા વિણુ ઉઠે નહિ (તો) પડ પાસા પોબાર.

પૃથ્વીપુત્ર— રાગ—ગઝલ.

નથી પરવા જીવન ધનની, ફના અંતે થનારૂં છે;
તો સ્વામીના વચનપરથી, સમર્પણુ સૌ અમારૂં છે—
અખિલ જગમાં વિરલ મિત્રો, વિરલ આત્મ સમર્પણુ છે;
પરાર્થે આ જીવન દેવું, વિરલ જનનેજ પ્યારૂં છે.
બને સુરમો નયનનો તો, નયન મારા ધરૂં ચરણે;
બને જુતા ત્વચાના તો, શરીર સ્વામી તમારૂં છે.

પુંડલીક— રાગ, કવ્વાલી.

જ્યારે પડે આફત શીરે, ચાહનાર પણ આઘા ખસે:
જેને પડે તે ભોગવે, બીજા ઉભાં સ્હામાં હસે.
ચઢતી મહીં તો હાજી હા, કરનાર જગમાં લાખ છે;
પડતી મહીં દે સાથ જગમાં, કોક એ વીરલા વસે.
જો બન્યા પોતેજ મુરખા, તો બીજાનો વાંક શો;
તે બળે નહીં કેમ થઇ જે, અંધ અગ્નિમાં ફસે.
આજ ખુલ્લી આંખથી, જોયું—સગા સહુ સ્વાર્થના!
જાણ્યા છતાં મારા સમા, ભોળા દિવાના થઇ ફરે—

વીર કેશરી— રાગ—ગઝલ.

ખરા તે હીંદના સંતાન, લડે જે હીંદને કાજે;
લડે જે હીંદને કાજે, મરે જે હીંદને કાજે.
દૂભાતો દેશને દેખી, ચડે વા'રે ઉમંગેથી;
પ્રભુ ને બાદશાહોથી, જુઝે જે હીંદને કાજે.
ન મોહે માયા મહોબતમાં, ન લોભે માલ દોલતમાં;
જીવન જર પ્રાણ સૌ પલમાં, તજે જે હીંદને કાજે.
યતો ધર્મ સ્તતો જય છે, કરો યાહોમ શો ભય છે;
અમર તે થાય છે નિશ્ચે, મરે જે હીંદને કાજે.

ભરથરી— રાગ, સીંયાનો કનારો.

તારૂણી તુજથી નથીરે જુદાઇ, શશીવદની સુખ પામું હું આંહી,
વદન મનોહર તારૂં લલિતા, સૌરભ અંગ જઘન સુખદાઇ—તારૂણી
ભ્રકુટી વિક્રમ સ્મિત અતિ વિભ્રમ, નિરખી પ્રિયા ભૂલું સરવેરે કાંઇ,
ત્રણુસોનેસાઠ ત્યાગી તુજનેરેચાહુ,તુજવિણ મુજ ક્ષણ કલ્પ સમજાઇ

અહલ્યાબાઈ— રાગ—કવ્વાલી.

દુનીયા તણા દિવાના દીલભર મજાઓ લુટે;
તુટે જીવનની દોરી, આશા છતાં ન છુટે—
બાળક મટી યુવાની, આવે ભલે દિવાની;
તન ધન મળે તરૂણી, આશા છતાં ન છુટે—
આવે પછી બુઢાપો, ધોળા થતાં નીમાળા;
શે' બાકી લાઠી લાળા, આશા છતાં ન છુટે—

વીર કેશરી— રાગ—ગઝલ—કવ્વાલી.

થવાનું ના થવાનું કહે; નજુમી કોણ એવો છે;
ન જાણ્યું જાનકી નાથે; સવારે શું થવાનું છે?
હતી શલ્યા રૂપે અહલ્યા; જગતમાં વાત જાહેર છે;
ન જાણ્યું જ્ઞાની ગૌતમે; સવારે શું થવાનું છે?
હતા કૌરવ અને પાંડવ; જગતમાં મહાબળી યોદ્ધા;
ન જાણ્યું ભીષ્મ જેવાએ; સવારે શું થવાનું છે?
રમ્યા જુગટુ સહુ સાથે; વિભુતી સૌ ગયા હારી;
ન જાણ્યું ધર્મ જેવાએ; સવારે શું થવાનું છે?

અનસુયા— રાગ—ભૈરવી.

નહીં ચીજ કોઈ ગળી, ગરજ સમ નહીં ચીજ કોઇ ગળી;
માનવંત નીજ માન મૂકી, દુશ્મનને પડતાં ઢળી—ગરજ.
પાર્વતી—બળીયા પણ નિર્બળને નમતા, રાય રંક ઘર જાય,
સાવિત્રી—સોંઘુ પણ મોંઘુ થઇ બેસે, કળા શકાય ન કળી—ગરજ.
લક્ષ્મી—સમયાધીન થઇ—ઝેર હળાહળ, પીવું અમૃત ગણી;
નારદ—જઇ મહાસતીને શીષ નમાવો, જાય આપદાટળી—ગરજ.

પૃથ્વી પુત્ર—

લોકો કહે છે કૃષ્ણ કર્તા; અકર્તા સાક્ષાત છે;
તો ધ્યાન દઇને સાંભળો, આ અજાયબીની વાત છે—
ખાંડવને બાળ્યું અર્જુને; લંકા હતી સોના તણી;
હનુમાનજીને પૂંછડે; ત્યાં આદર્યો ઉત્પાત છે—
બાળ્યો નકામો કામને; બેભાનમાં શ્રી શંકરે;
દારિદ્ર જગનું બાળવા ના કોઈની તાકાત છે—
આ કોલસાનો ભેદ એ; દારિદ્ર બાળો દેશનું;
જો કૃષ્ણથી એ ના બળ્યું; તો અજાયબીની વાત છે—
બ્રહસ્પતિ સમ વિદ્વતામાં; વિપ્ર આ સાક્ષાત છે;
ઉલટા તણું સુલટું કર્યું; એ અજાયબીની વાત છે—

બોલતો કાગળ—

ફૂલણજી ફૂલોમાં ઝાઝા, ફૂલ્યું ફૂલી કરમાશે.
ફૂલી કરમાશે, ખીલેલું આખર ખરી જાશે,
સરખા દિવસ ન ગયા કોઇના તેમ નહિ જાશે,
રેંટ તણી ઘટમાળ ભરાશે, ભરાઇ ઠલવાશે,
"ઉજળું એ સહુ દુધ" આજ અભિમાને દેખાશે;
જ્યારે પડશે કાળ ઝપાટો, ત્યારે સમજાશે.—

ભરથરી— રાગ, આશાગોડી.

કામ છે દુષ્ટ વીકારી અહા પ્રભુ! કામ છે દુષ્ટ વીકારી;
ઇંદ્ર સમાન પતિ અતિ સુંદર, અશ્વપાલથી છે યારી, અહા પ્રભુ—કા.
ત્રણસોનેસાઠ ત્યાગી એકનેજ ચાહે, તેના ચિત્તમાંછે જારી છીનાળી;
ધીક બાઇ તુજને, ધીક તારી બુદ્ધિ, વિપરિત વાત વિચારી—અહા.

દલપતનું ભજન—

મોહન તારી મોરલીરે, વૃજનારને વેરણ થઇ ! (૨) હે....હરી.
કોમળ સુરે કાળજુ કોર્યું, ચીતડું ચોર્યું વેરણ થઈ—મોહન.
કામ તો હવે કાંઈ ન સુજે (૨) સાંભળતા શત્ર થઇ—(૨)
માત પીતા તણી, લાજુ તજીને, વૃંદાવનનાં ગઇ—મોહન
વૃજનારને વેરણ થઈ. મોહન તારી મોરલી-તારી મોરલી-(૨)
આવા આવા કારમાં કામણ (૨) શામળા કીધા થઇએ-મોહન
દુઃખડા કેરા, ડુંગર ડોળ્યા. મા બાપડી હ્યો પઇએ—મોહન.
"દલપત" શ્રીહના દેવને મળવા (૨) ગોપીઓ ગોકુળ ગઇ-મોહન.

ભરથરી— રાગ, લાવણી.

દેખા નહીં કછુ સાર જગતમેં, દેખા નહીં કછુ સાર,
મોહ બીસે મત લપટો યારો, દેખા નહીં કછુ સાર.-જગત૦
ચૌદ ચોકડી રાજ મીલે પન, ત્રષ્ણાકા નહીં પાર,
ભોગ ભોગતે ઈંદ્ર અપ્સરા, તૃપ્તી નહિં લગાર ( )-જગત૦
જુઠા રંગ રૂપમેં ભુલી, કીડા કરત ગમાર;
રૂપ વીર્યબલ નાશ હુવા તબ, નહીં હે અપની નાર (૨)-જગત૦
પ્યારી મેરી જાની પીંગલા, હુબ રહા એક તાર;
તોભી કીયા કૃતઘ્ની રાની, અશ્વપાલકું યાર (૨)-જગત૦
અલ્પ બખતકા યેહી તમાશા, દુઃખ હે અપરંપાર,
બેશક ઇસકા ત્યાગ કરો તુમ, ફેર પસ્તાના યાર (૨)-જગત૦
એહી ભરથરી નાર ભરૂસે, ભુલી હુવા ખુવાર;
એહી ભેખસે જગત શીખ દઉં, નવ ડુબો સંસાર,
નવ ડુબો સંસાર-જગતમેં, દેખા નહીં કછુ સાર.-જગત૦

ભરથરી— રાગ, મરશીયા.

હાય, કેમ આ સહેશે ઉજેની રંડાપો, ઘણી થઈ છે રાજાજી માફ રાખો.
આણુ લક્ષ માળવાના છો સ્વામી, કામ કોડીલા રૂપે ન ખામી,
ગૌર અંગે ભભુત શી જામીરે,—હાય, કેમ આ૦
એક બાજુ કૃષ્ના તમારી રૂએ, ચંદ્રકળા ચોધારા નીર ચુએ,
બાપુ સુખે ન આજ કોઈ સુએરે—હાય૦
મેહેલ મેહેલે વિલાપ છાયો છે, પવન શોકનો સઘળે વાયો છે;
કળકળતાં બાઈઓ ને ભાઈઓ છેરે—હાય.
ખાંધે લટકી શી ભગવી ઝોળી, આવ્યા વસ્ત્ર કયાં ગેરૂ ઝબોળી;
હાય હઈડામાં પ્રગટાવી હોળીરે—હાય૦
નથી વિક્રમ ભાઈની કંઇ આશા, કીવાં કરસે એવારે તમાશા;
એણે બીજાં જંગલ કયાંઈ વાસ્યાંરે—હાય૦
ધણી નોધારાં અમને કરોમાં, આવું અણુધાર્યું પગલું ભરોમાં;
જોગી જીવતાં ચિત્તામાં ધરોમાંરે—હાય૦

મહાશ્વેતા કાદમ્બરી—

શું કહું કથની મ્હારી રાજ, શું કહું કથની મ્હારી
હું તો વના ત્રાસે હારી રાજ....................શું કહું૦
પરખી પારીજાતિક મેં, અર્પણ કીધું મન મ્હારૂં
પતી તજી પરલોક સિધાવ્યા, કરી જીવતર મમ ખારૂં રાજ—શું કહું
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે રાજ—શું કહું
અરપ્યું મેં સર્વસ સ્વામીને, પ્રેમની કફની ધારી;
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજું ત્રીપુરારી—રાજ—શું કહું

ભરથરી—પીંગળા અને ભરથરીનો સંવાદ.
ધીક રુવા ધીક મુજને, ધીક કામ વિકારજી;
જેણેરે ભુલાવી મને સત્યથી, કર્યા નીચ વિચારજી.
ભેખરે ઉતારો રાજા ભરથરી.
ક્ષમા કરોરે રાજા રંક છું, નારી અજ્ઞાન જાતજી;
અન્ય વખત એવું નહીં કરૂં, લાજ્યા માતને તાતજી.—ભેખરે.
કપટ રૂપીરે રાણી પીંગલા, એશું બોલે વચનજી;
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી;
ભિક્ષા દેને મૈયા પીંગલા....
તુંરે ખોટી ને ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી;
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉધ્ધારજી.—ભિક્ષા.
* રહોતો રાજા રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી;
ક્ષીરરે નીપજાવું ક્ષણ એકમાં, જમીએ આપણ સાથજી—ભેખરે.
મઠીરે કરાવું રંગ મહેલમાં, રાખું ગુપ્ત અવાસજી;
જેમરે જાણે નહિ જગતમાં, સાધો જોગ રહી પાસજી—ભેખરે.
× મહેલરે તારાને રાણી શું કરૂં, કેવો ગુપ્ત અવાસજી;
ક્ષીરરે ભોજન તારૂં રાણી શું કરૂં, નથી ભોગની આશજી—ભિક્ષા.
વાસી જંગલના જોગી અમે, નહી ગ્રામમાં વાસજી;
વિષની વેલીથી અળગો રહું, નહિ નારીનો પાસજી.—ભિક્ષા.
= ભગવા જોઈ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી;
માઈ કહો ન મારા કંથજી, લાગે દેહમાં લાયજી—ભેખરે.
—વધુરે શું વદું રાણી પીંગલા, કરૂં અરે કેટલો ઉચ્ચારજી;
બંધુ જેવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી,
—હવેરે રાજને રાણી શું કરૂં!

* વાંકીરે વિધાતા મને ભુલવી, લખીયા લેખ લલાટજી,
આનુંરે પ્રાયશ્ચિત હવે હું શું કરૂં, મારગ આપો પૃથ્વીમાતજી-લે૦
ત્રણુશો નારીરે અન્ય આપની, માલવપતિ મહારાજજી;
એકને કારણુ એને નવ તજો, પાપી પીંગળાને કાજજી-લેખરે.
મોહ છોડી દે રાણી પીંગળા, પ્રીતે કર સતસંગજી;
સગુરે નથી કોઈ કોઇનું, આ સંસાર પતંગજી.-ભિક્ષા.
દેતી હું તો દે મુને, નહિ તો કરૂં ગૃહ ત્યાગજી;
ગુરૂજી મારારે રોશે થશે, ચાલી જાય જમાતજી.-ભિક્ષા.

ભરથરી—(રાગ-જફાવો સીતમકું સમજાવનાર હું)
પિતાજી આ કોપ તમે શો કર્યો, જોગી વેષ બાપુ, શીદને ધર્યો,
મરી ગઇ છે માત, વળી જાઓ તાત;
પિતા ઓથ કોની છે, ઓરમાન માત,
ન બાપી કરી બાપુ જાશો નહીં;
પિતા પાછળ નહીં જીવું હું તો સહી.

વીર કુણાલ— રાગ-ગઝલ.
જોયો જમાનો આ કલિનો, પાપનો વિસ્તાર છે,
જ્યાં ત્યાં જગતમાં પાપનો, જામી રહ્યો અધિકાર છે.
સારા બીચારા ખાય ખત્તાં, દુર્જનો પુંજાય જ્યાં;
મરવા પછી સદ્દગુણુ ગણે, દુનીયાં અજબ નાદાર છે!
સતયુગ જાતાં ધર્મને, દ્વાપર જતાં યજ્ઞો ગયા;
ત્રેતા જતાં તીર્થો ગયાં, કલિમાં કપટ ભંડાર છે!
માતા વિષયના પ્યારથી, સુપુત્રને ચહાનાર છે;
કાળાં કરાવે કૃત્ય કામી, પ્યારને ધિક્કાર છે!

પુંડલીક—
હમણા તો નથી નવરાસ ગુરૂરાજ, અમો ઘડપણમાં ગોવીંદ ગાશું,
મરણ પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણાં શું પ્હેરવી લંગોટી;
વાત થાય છે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ સાચુ....યાર....ઘડ.
હજુ બાંધવા છે મારે કંઈક માળા, હજુ થાવું છે દશ વીશ મીલવાળા,
ઘર તાળાં કરી પુંકવા દીવાળા—કેમ શ્યામલાલ....સાચું....યાર—ઘ.
જ્યારે ચાલશે નહીં કાયા હમારી, ત્યારે સાંભળીશું કથા આ તમારી,
મળે નારી નહિ તો રહેજે બ્રહ્મચારી—કેમ શ્યામલાલ—સાચું—યાર.

બુદ્ધદેવ— રાગ, ગઝલ, કવ્વાલી.
પડતી હવે મુજને ખબર, તુંમાં જણાયે હર્ષ નહિ,
આ જગતની જંજાળની, ચતુરાઈ તેં દીઠી નહિ;
ઘરબારને છોડયા વિના, યુક્તિ કશી સુજી નહિ,
હવે તો જો જરા જાગી (૨)
ચોળી વિભૂતિ અંગ, બન્યો શું યોગી (૨) સમાધી જૂઠી દે ત્યાગી—
વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મધુરાં પુષ્પને ત્યાગી, અહ્યા કાંટા શું હીન ભાગી (૨)—હવે.
ઉડી આશ ધારીને, મેં તારો સંગ કીધો તો (૨)
ભરૂસો દઈ ભુલાવી ઓ! વિરાગી શું ગયો ત્યાગી (૨)—હવે.

મહાશ્વેતા કાદમ્બરી—
થઇ પ્રેમવશ પાતળીયા, મારા મનના માલીક મળીયારે....થઇ (૨)
પ્રીતે કરો મુખવાસ, સજનવા રાજ હૃદયના વાસી
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી. મારા મનના મનોરથ ફળીયારે....થઈ.
ભાગ્યવંત કર્યો ભગવતિ મુજને, જીવન સફળ થયું મારૂં
કરો શ્રી હરિ શુભ તમારૂં, મારા મનના માલીક મળીયારે....થઇ.

મહાશ્વેતા કાદમ્બરી—

મંજરીએ મનડું મોહ્યું રે, મન ગમતા મહારાજ,
મારા મન ગમતા મહારાજ; એ શું દીલડું અમ પ્રોયુંરે મનગમતા.

"શું આ પુષ્પ તમને બહુ ગમે છે?"

સાખી { "મનને તો ગમતું ઘણું, મુખથી કેમ મંગાય,
"વીણ પ્રીછયે વીણ પારખ્યે, ઘટે માન મુનિરાય"

સાખી { "માગ્યે માન ઘટે નહિ, જેવું જ્યાં દાતાર"
"સુખ સ્વીકારો પુષ્પ આ, ધરો કર્ણ મોઝાર."

અતિ ઉદાર દીલ તમ જોયુંરે...........મનગમના.

મહાશ્વેતા કાદમ્બરી—

માલીકના બાળક સૌ, માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના સૌ, બાજી એને હાથ—
રૂણાનુબંધે આવી મળતું, બાબ્યું નવ કોઈનાથી ખળતું,
જગત માત્ર તેને આધીન છે, અનાથના જે નાથ,
નહિ પીંડ આ પોતા તણો, પોતાનું કાંઈ ન જાણવું,
સૌએ શુભાશુભ કર્મને પોતા તણુંજ પ્રમાણવું—જગત.

અરૂણોદય— રાગ, ગઝલ.

અણમોલ પળ વીતી જતી, અણબોલ કાં ઉભાં રહ્યાં?
એંધાણ શા આપું હવે, વેચાણ દીલનાં થઈ ગયાં.
નીશાનીઓ શાની આપુ શ્યામ?
આપ પૂછો દીલને, છો દીલના આરામ,
ભાવનાની ભક્તિ તમે સ્નેહથી સ્વીકારી,
પ્રીતિ પૂજારી તમે બાલા ઉપકારી.
આજે ઉદય થયો ભાણ—જીવનમાં આજે ઉદય થયો ભાણ—

વીર કુણાલ— રાગ, ગઝલ.

સમય જો હોય સારો તો, સકળ સંસાર સારો છે,
સમય સારો સિધાવ્યો ત્યાં, નહીં સંસાર તારો છે.
સમય પર જે મહારાજા, સમય પર તે ધરે ભગવા;
સમય પર ખાય તે ધક્કા, સમયનો રંગ ન્યારો છે.
ચડે વાદળ ચડે ભરતી, ચડે જોબન વધે લક્ષ્મી;
ઘડીમાં તે પડી જાતાં, સમયનો રંગ ન્યારો છે.
સમય સારે ન સારૂં જે, કહે તે સહુ ગમારો છે;
અભાગી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે.

સુર્યકુમારી— રાગ, ગઝલ.

પકડતાં જાળમાં ઉંદર, ભરાયો સર્પ તે અંદર,
હર્યું ઘોડા બદલ ખચ્ચર, અમારી આમ બાબત છે !
(પણ તે થયું કેમ ?)
બીજાણુ નાર નખરાળાં, મુઝાણું જોઇ ગોટાળાં;
પછીથી પુંછડાવાળો, મળ્યો તો આમ બાબત છે !
તમારા કષ્ટ સઉ ટળશે, અવશ્યે ન્યાય પણ મળશે;
તમારા શત્રુ સપડાશે, અમારી એ કબુલત છે !
તમારી એ કબુલત છે ! અમારી આમ બાબત છે !

માલતી માધવ—

નાનકડી નાજુક નાર, બહુ નાનકડી, બહુ નાનકડી.
મારા લાલાની છું લાડકડી (૨) છું લાડકડી (૩)
આંખ તણે મટકે પટકું છું લાલને
નાની શું સણજે વ્હાલાના વ્હાલને (હું તો બધુંએ સમજું છું)
જાણી ભોળો ભરથાર, તું બહુ માથે ચડી (૩) —નાનકડી.

અલીરાજા—

મારી સજની, તું કયાં રમીઆવી રજની, સાચું બોલ, બોલ, બોલ,
સાણી સૈયર, તું શીદને આળ ચડાવે, કેડો છોડ, છોડ, છોડ?
હમણાં માળા ગુંથી હતીને, હમણાં કેમ કરમાણી,
પરસેવો તને કયાં વળ્યો, તારી ભમ્મર કયાં ભીંજાણી.—સાચું.
કાળા ભમરો શીરપર બેઠો, ઉરાડતાં ગભરાણી,
લાપોટે લટ છુટી ગઇ-મારી, ભમ્મર ત્યાં ભીંજાણી.—કેડો.
કસ્તુરી તારા અંગે મ્હેકે, કુસુમ કળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી, મળીયો કોણ ઠગારો—સાચું.
ચંદ્ર સરોવર નહાવા ગઈતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી.—કેડો.

અરૂણોદય— રાગ, ગઝલ, કવ્વાલી.

વ્હાલા કહું વહેવારની, બે વાત આ અમૂલ છે;
અભિમાનથી ન સાંભળો, તો આ તમારી ભૂલ છે!
મન માન્યું મળતું નથી, કોઇને બધું સંસારમાં;
ખામીમાં ખામી ખોળવી, એ તો તમારી ભૂલ છે.
કાળા છીએ રંગે અમે પણ, કાળજાં કાળાં નથી;
તેનીજ કીંમત ના કરો; તો આ તમારી ભૂલ છે;
છોડી અમે શ્રી રામને; જપીએ તમારા નામને;
તોએ ન રાખો નેડલો તો જીવતર અમારૂં ધુળ છે.
મીઠા અમી આપો નહીં; તો ચાહ એ શા કામનો;
ચા' પાઈ બાળો કાળજાં, એ તો તમારી ભૂલ છે.

સ્વદેશ સેવા— રાગ, ગઝલ.

સૃજેલાં શ્રી પ્રભુજીયે, મનુષ્યો સર્વ સરખાં છે,
નથી કોઈ ઉંચ કે નીચો, જીવન તો સહુના સરખાં છે!
પ્રભુજીની જગતવાડી, તણાં પુલડાં સહુ જીવો,
સુગંધીથી ભરેલાં સહુ, સમજીએ તો એ સરખાં છે!
વિષમ આ વિશ્વનો-વાયુ કરે જીવ ક્રોધીને ઘેલાં,
ન મનહુર દોષ માનવનો, સકળ આત્માઓ સરખાં છે!

સમાપ્ત.

અક્કલનું પડીકું અથવા ખુબીનો ખજાનો (ભાગ ૧ લો)
મધુરા મેના અથવા મીઠું બુલબુ
સુરતની સુંદરી અથવા કળીયુગની કોયલ
આશુકે સુરત અથવા ગઝલે બુલબુલ
(છપલી દરેક બુકની કીમત બબ્બે આના.)

—: સંગીત :—

ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

ભાગ ૨ થી ૪ સાથે આજેજ ખરીદો



લગભગ ૨૦૦
નમુનાબંધ
ગાયનોનો
સંગ્રહ.

કીમત આઠ આના

મળવાનું ઠેકાણું—રેશમ રોડ—સુરત,
બુકશેલર મણીલાલ ભાઈશંકર વ્યાસ.
તથા એજંટો—ઠક્કર આણંદજી ગોપાળદાસ.
ઠક્કર વીઠલ દેવરાજ.
મહેતા નાનજી દયાલ.